**ક્રિમી. પ. અ. નં.૧૧૦૩૭/૨૦૨૪**

**ક્રિમી. કેસ નં. ૩૦૦૬૨/૨૦૨૨, બાપુનગર પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૧૯૧૦૦૭૨૧૨૨૨૮ /૨૦૨૧, ઈ.પી.કોડ કલમ: ૩૭૯, ૧૧૪ મુજબના કામે આરોપી.કિરીટભાઈ ઉર્ફે કિટ્ટો નાગરદાસ પંચાલની જામીન અરજી લગત હુકમ.**

---

(૧) હાલના કામે આરોપીને સદર ગુનાના કામે આજરોજ પકડ વોરંટ અન્વયે અટક કરી રજુ કરતાં, આરોપીને પુછતા આરોપીને પોલીસ તરફથી કોઇ શારીરીક મારકુટ કે ત્રાસની ફરીયાદ નથી તેવું જણાવેલ છે.

(૨) આરોપી/આરોપીઓ તરફે આજરોજ જામીન અરજી રજુ કરતા જામીન અરજી વંચાણે લીધી.આરોપીના વિ.વ.શ્રી.ને તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા, ફરીયાદ વંચાણે લીધી.

(૩) આરોપી/આરોપીઓના વિ.વ.શ્રીએ રજુઆત કરેલી છે કે, આ કામના આરોપી શરતચુકથી મુદત તારીખે હાજર રહેલ નથી અને આ કામના આરોપી સ્થાવર જંગમ મિલકતો ધરાવે છે અને કયાંય નાસી ભાગી જાય તેમ નથી. ટ્રાયલ કોર્ટમાં નિયમિત હાજર રહેશે. ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની આપ નામદાર અદાલતને સત્તા અધિકાર છે. આરોપીને જો જેલમાં મુકવામાં આવે તો આરોપીના કુટુંબને ગંભીર અસર થાય તેમ છે. જેથી યોગ્ય શરતોને આધીન આ કામના આરોપીને જામીન મુકત કરવા તેઓએ અરજ ગુજારેલ છે.

(૪) ફરીયાદ પક્ષે તરફે વિ.એ.પી.પી.શ્રી.એ જામીન અરજી લગત વાંધો લેતા યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૫) બંને પક્ષકારોની લંબાણપૂર્વકની રજુઆતને ધ્યાને લીધી. ફરીયાદ શકીકત વંચાણે લેતા તેમજ રજુ થયેલા સમગ્ર રેકર્ડ જોતા આ કામના આરોપી સામે ઈ.પી.કોડ કલમ: ૩૭૯, ૧૧૪ મુજબના ગુના કર્યાના આક્ષેપ છે.આરોપી સામેના ફરીયાદ મુજબના આક્ષેપો ધ્યાને લેતા અને તેમાં મહત્તમ સજાની જોગવાઈ ધ્યાને લેતા, ક્રિ.પો.કોડની કલમ-૪૩૭ જોતા તથા જામીન અરજીના તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ તથા વિવિધ નામદાર સુપ્રિમ કોર્ટ તથા વિવિધ નામદાર હાઇકોર્ટના તે લગતના ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતને ધ્યાને લેતાં, આરોપીની ઉંમર, આરોપીની કુટુંબ પ્રત્યેની જવાબદારી, રહેવાસી તથા મેજીસ્ટ્રેટ ટ્રાયબેલ હોય, કેસ ચાલતા સમય જાય તેમ હોય, ફરીયાદપક્ષના કેસની હકીકત અને આરોપીના આ તબકકે શરતોને આધીન જામીન મુકત કરવામાંઆવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે.જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

હાલના કામે આરોપીની જામીન અરજી મંજુર કરવામાં આવે છે. આ કામે આરોપીને રૂા.૧૫,૦૦૦/- (અંકે પંદર હજાર રૂપિયા પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કર્યેથી સદર ગુનામાં નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**-:શરતો:-**

(૧) અરજદાર/આરોપીએ જાતે, અન્ય મારફતે ફરીયાદ પક્ષના પુરાવા સાથે કોઇ ચેડા કરવા નહી કે સાહેદોને ધાક ધમકી આપવી નહી.

(૨) અરજદાર/આરોપીએ અન્ય ગુનામાં સંડોવાવુ નહી અને ટ્રાયલ દરમ્યાન નિયમીત કોર્ટમાં હાજર રહેવુ.

હુકમ અંગેની એક યાદી સબંધીત પો.સ્ટે./જેલને કરવી.

આ કામના આરોપી ઉપરોકત શરતો પૈકી કોઈપણ એક શરતનો ભંગ કરશે તો સદર આપવામા આવેલ જામીનનો હુકમ આપોઆપ રદ ગણવો.

સદર હુકમ આજરોજ તા.૨૦/૮/૨૦૨૪ના ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

બીજા એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
ઈ.ચા. અમદાવાદ શહેર, જજ કોડ ૦૧૨૫૨.